
Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃદ્ધો સુધીના તમામ રોગોની સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯



સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક FAROOQ

www.farooqsaptahik.com

POSTAL REGN. No. G-KCH-146/2024-2026

Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક



Hooma Tea
એક અચ્છે દિન કી શરૂઆત.... હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
હુમા ચા
૧૦૦% નેચરલ સ્વાદ જે આપે તાજગીનો અહેસાસ
F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૭૫૧૫



RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 24th ★ Issue - 47 ★ Dhu al-Hijjah - 14, H. 1445 ★ 21-JUNE-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com


# રાજકારણમાં પણ દીનનું પાલન જરૂરી

## અરફાતના મેદાનમાં ખુત્બાએ હજ્જમાં ડો. માહિરે કહ્યું, વિશ્વના જે વિસ્તારોમાં તમે વસતા હોય ત્યાં શરિઅતે ઈસ્લામનું પાલન કરો. ફલસ્તીનીઓ માટે દુઆની હાકલ કરાઈ

હરમ શરીફના પેશઈમામ ડો. માહિર બિન હમદે તા. ૧૫–૬ ના અરફાતના મેદાનમાં આવેલ મસ્જિદે નમરામાં હજ્જનો ખુત્બો (પ્રવચન) કહ્યો હતો જેમાં તેમણે દીને ઈસ્લામ પર અડગતાથી કાયમ રહેવા અને ફલસ્તીનીઓ માટે દુઆ કરવાનું કહ્યું હતું.

ડો. માહિરે કહ્યું કે, અલ્લાહની કિતાબ કુર્આન શરીફ સીધા માર્ગ તરફ હિદાયત કરે છે. હું ગવાહી આપું છું કે અલ્લાહ એક છે અને તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને અલ્લાહ સિવાય કોઈનો હક્ક જ નથી કે તેની ઈબાદત કરવામાં આવે. હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના બંદા અને રસૂલ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આપણી તરફ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રસૂલ બનાવીને મોકલ્યા અને આપણા પર અહેસાન કર્યો. આપ અલ્લાહની રહેમતની નિશાની છે. અલ્લાહની રહેમતના વ્યાપમાં સર્વે ચીજો છે. જે લોકો તકવા (સંયમ – પરહેઝગારી) અપનાવે છે તેમને રહેમત પ્રાપ્ત થાય છે. અલ્લાહે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કહ્યું કે કહી દો હે, “અય લોકો (તમામ માનવજાત) હું તમારા સૌ માટે રસૂલ બનીને આવ્યો છું તેના તરફથી જે તમામ જમીન અને આકાશોનો માલિક છે.” તમે લોકો અનુસરણ કરો જેથી તમને સફળતા પ્રાપ્ત થાય. અલ્લાહના આદેશનો અનુસરણ કરો અને એ દિવસથી ડરો જે દિવસે પિતા પોતાના પુત્રને ઓળખતો નહીં હોય. નિઃશંક અલ્લાહનો વાયદો સાચો છે. આ દુનિયાનું જીવન કસોટીનો સ્થળ છે તે તમને ભ્રમ (ધોખા)માં ન નાખી દે. જે લોકો નેક કામ કરે છે તેમની આખેરત સારી છે તેમજ દુનિયા અને આખિરતમાં સફળતા છે. જે લોકો અલ્લાહના ખૌફ (તકવા)ને અપનાવે છે અલ્લાહ તેમના માટે માર્ગ બનાવે છે અને તેને એવા સ્થળેથી નવાઝે છે અને રિઝ્ક આપે છે જે તેના ખ્યાલ–વિચારોમાં પણ નથી હોતો. જે અલ્લાહનો ખૌફ અપનાવશે અલ્લાહ તેની તમામ ખતાઓ (ચૂક) માફ કરી દેશે.

નમાઝ કાયમ કરો, નમાઝ તમને બુરાઈથી, ખોટા કામોથી રોકે છે, ઝકાત અદા કરવી ઈસ્લામનો રૂકન (જરૂરી ભાગ) છે. આ ઝકાત તમારા હૃદયોને પાક–સાફ કરશે તેમાંથી મેલ દૂર કરશે. માહે રમઝાનના રોઝા રાખો, માહે રમઝાનમાં અલ્લાહે કુર્આન નાઝિલ કર્યું છે. હજ્જ અદા કરો, વિવિધ પ્રદેશોમાંથી આવો, વિવિધ સવારીઓ પર બયતુલ્લાહ (અલ્લાહના ઘર) તરફ આવો. અલ્લાહના એક હોવાની સાક્ષી આપો, હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રસૂલ હોવાની સાક્ષી આપો અને આ જ ઈસ્લામ છે.

અલ્લાહની ઈબાદત એ રીતે કરો કે તમે તેને જોઈ રહ્યા છો. તમે તેને નથી જોઈ રહ્યા તો પણ એ તમને જોઈ રહ્યો છે. અલ્લાહે કુર્આન મજીદમાં ફરમાવ્યું કે, આજનો એ દિવસ છે જે દિવસે મેં તમારા માટે તમારા દીનને મુકમ્મિલ કરી દીધો અને મારી નેઅ્મતો સંપૂર્ણ કરી નાખી. તમારા માટે ઈસ્લામ દીન નિર્ધારિત કરી નાખ્યો. અય નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમોએ તમને તમામ જહાંનો માટે રહમત (કૃપા) બનાવીને મોકલાવ્યા.

આ મુબારક શરિઅત આપણા માટે આવી છે કે આપણો સુધાર કરે, આપણા મામલા દુરસ્ત કરે. સમાજને સ્વચ્છ – સાફ બનાવી દે. કોઈપણ પ્રકારનો ફસાદ ન હોય. આપણને આદેશ આપવામાં આવ્યો કે આપણે અદલ – ઈન્સાફ કરીએ. સમાજમાં ન્યાયને સામાન્ય (આમ) બનાવી દઈએ. ઈમાન વાળાઓ માટે જરૂરી છે કે તેઓ અમાનતોની જાળવણી કરે અને હક્કોની અદાયગી કરે. કોઈપણ સ્થિતિમાં ઈમાનમાં પાછી પાની ન કરો. આખેરતના દિવસની ચિંતા રાખો અને તૈયારી પૂર્ણ કરો. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ હજ્જતુલ વિદાઅના ખુત્બામાં ફરમાવ્યું કે, તમારો લોહી, તમારો માલ, તમારી ઈઝ્ઝત એક બીજા પર હરામ છે એટલે નાજાઈઝ રીતે તમે તેને કોઈપણ રીતે પ્રાપ્ત કરી શકતા નથી. આ દીન જરૂરતોને પૂરો કરવાવાળો દીન છે. અમોએ દરેક કોમમાં અલ્લાહના રસૂલ મોકલ્યા . તેમણે એ જ આમંત્રણ આપ્યું કે અલ્લાહની બંદગી કરવામાં આવે. લોકોમાંથી કેટલાક એવા હતા જેમણે હિદાયત (માર્ગદર્શન) પ્રાપ્ત કર્યું અને કેટલાક એવા હતા જેમના નસીબમાં ગુમરાહી (પથભ્રષ્ટતા) હતી. શયતાન ઈચ્છે છે કે તમારી અંદર ઝગડા – ફસાદ ઉભા કરી દે, તમને દીનથી – નમાઝથી દૂર કરી નાખે. જે લોકો ઈમાનવાળા અને ઈમાનવાળીઓને તકલીફ આપે છે તેમના માટે શદીદતરીન (તિવ્ર) અઝાબ (પ્રકોપ) તૈયાર છે. જે લોકો મોમીન અને મોમીનાત પર તહોમત (જૂઠા આરોપ) લગાવે છે તેમની દુનિયા અને આખેરતમાં ફજેતી થશે. અય ઈમાનવાળાઓ બદગુમાનીથી બચો, ઘણાં ગુમાન ગુનાહ હોય છે. વિશ્વના જે વિસ્તારમાં તમે રહેતા હો ત્યાં શરિઅતે ઈસ્લામનું પાલન કરો.

હંમેશા નેકીના કામમાં સહકાર આપવામાં આવે. બુરાઈના કામમાં સહકાર આપવામાં ન આવે. રાજકારણ સહિત જે કોઈ ક્ષેત્ર હોય અલ્લાહે જે આદેશ આપ્યું છે તે પૂરો કરવો જરૂરી છે.

ડો. માહિરે હાજીઓને સંબોધતા કહ્યું, અય હાજીઓ, આજે એક મહાન સ્થળે મેદાને અરફાતમાં તમે હાજર છો, આ સમય શ્રેષ્ઠ સમય છે, તમે ગુનાહોની માફી માગો, સુન્નતની પૈરવી કરો, તમે આજના દિવસે દુઆમાગો. આ સ્થળેથી જ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ હજનો ખુત્બો આપ્યો હતો. તમારા પર જરૂરી છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું અનુસરણ કરો. તમે આજના દિવસે દુઆ કરો, પોતાના અઝીઝો અકારિબ માટે દુઆ કરો, જેમણે તમારા પર અહેસાન કર્યા છે એમના માટે દુઆ કરો. ફલસ્તીનના આપણા ભાઈઓ માટે દુઆ કરો.

### હીટવેવના લીધે ૫૫૦ થી વધુ હાજીઓ જન્નતનશીન

હજ્જના પાંચ મુખ્ય દિવસો મીના, અરફાત, મુઝદલફા, મક્કા, પુનઃ મીનામાં પસાર કરવાના હોય છે. આ દિવસો દરમ્યાન તાપમાન ૫૦ ડિગ્રીથી વધુ રહ્યો હોવાથી ભીડમાં ફસાઈ ગયેલા ૫૫૦ થી વધુ હાજીઓ જન્નતનશીન થયા છે. હજ્જની ખોરવાઈ ગયેલ વ્યવસ્થાના લીધે મૃતદેહ ખુલ્લામાં રઝડતા પડ્યા હતા જેના વિડીયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. મૃતકોમાં સૌથી વધુ ૩૨૩ હાજી ઈજીપ્ત (મિસ્ત્ર)ના છે. જોર્ડનના ૬૦ હાજી અવસાન પામ્યા છે. તા. ૧૮–૬ ના મક્કા તથા આસપાસનો તાપમાન ૫૧.૮ ડિગ્રી સેલ્સીયસ રહ્યો હતો.

### વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા !
- ☐ જી, બેટા !
- ○ ફક્ત હલાલ જાનવર ઝબ્હ કરી દેવાથી કુરબાનીનો મકસદ પૂરો થઈ જાય છે ?
- ☐ વલ્લાહો અઅ્લમો !!

# અમન–શાંતિની દુઆ સાથે કચ્છમાં કુરબાનીની ઈદ ઉજવાઈ

હાજીપીર મસ્જિદ, અંજાર



તસવીર : દિનેશ દૈયા, અંજાર.

શિકારપુર



કુકમા



**મદીના મસ્જિદ, ભુજ**

ચાકીવાલી મદીના મસ્જિદ, લાલ ટેકરી ભુજ ખાતે પેશઈમામ મૌલાના આમીરખાન અકબરીએ નમાઝ પઢાવી હતી. ભુજ શહેર ચાકી સમાજના પ્રમુખ આમદ નૂરમામદ ચાકી, કાસમ હાસમ ચાકી, હુશૈન અબ્દુલ્લાહ ચાકી, કાસમ ઈબ્રાહીમ, આદમ, એજાઝ, કાસમ સાલેમામદ ચાકી વગેરે હાજર રહ્યા હતા એવું મુતવલી હાજી ઈકબાલ હાજી ઓસમાન ચાકીએ જણાવ્યું છે.

**ગાંધીધામ**

મસ્જિદે તયબાહ, સુંદરપુરી, ગાંધીધામ ખાતે ઈદની નમાઝ પેશઈમામે અદા કરાવી ખુત્બો પઢયો હતો. તેમણે કુરબાનીનું મહત્વ સમજાવેલ, દેશમાં અમન–શાંતિની દુઆ કરેલ. મુસ્લિમ સમાજના અગ્રણી હાજી જુમા રાયમાએ તમામ લોકોને ઈદ મુબારક પાઠવી આજના દિવસે જાનવરની કુરબાની સાથે ઈન્સાન પોતાના અંદર રહેલ બુરાઈઓ, ઘમંડ તકબ્બુર, નફરતની પણ કુરબાની આપી આપસી મોહબ્બત કેળવે. ઈદની ખુશીમાં ખાસ ગરીબ, યતીમ, વિધવાને મદદ કરવી, તેમને પણ ઈદની ખુશીમાં સામેલ કરવામાં આવે. આ પ્રસંગે આગેવાનો હાજી જુમા રાયમા, શાહનવાઝ શેખ, લતીફ માંજોઠી, સુમાર હિંગોરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**અંજાર ઈદગાહ**

અંજારની ઐતિહાસિક મુખ્ય ઈદગાહ પર ઈદ નમાઝ મૌલાના સૈયદ મેહબૂબશા બાવાએ પઢાવેલ જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરેલ હતી. નમાઝ બાદ પરસ્પર ગળે મળી ઈદની મુબારકબાદી પાઠવેલ હતી. ઈદની નમાઝ બાદ ઈદ મિલનનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો જેમાં સૈયદ અનવરશા (અનુબાપુ), શેખ ગુલામશા (એડવોકેટ), ખત્રી હાજી અબ્દુલસત્તાર, શેખ નૂરશા, રાયમા હાજી મોહંમદ (પેટન), શેખ હાજી ભચલશા તેમજ મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ હાજરી આપેલ હતી. દૂધ કોલ્ડ્રીંકની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. સંચાલન લોહાર અબ્દુલ અઝીઝ તથા કમિટી દ્વારા કરાયું હતું.

**નવા અંજાર**

શાહીન બેકરી ગ્રાઉન્ડ, નવા અંજાર મધ્યે ખિઝરા મસ્જિદના ઈમામ મૌલાના શરીફે ઈદ નમાઝ અદા કરાવી હતી. મૌલાનાએ પોતાના ખુત્બામાં ત્યાગ અને બલિદાનના તહેવાર ઈદનું મહત્વ સમજાવ્યું અને ભાઈચારો કેળવવા અપીલ કરી હતી. દેશમાં અમન, ચૈન માટે દુઆ કરી હતી. મુસ્લિમ સમાજના આગેવાન હાજી મોહંમદ આગરીયા, મુસ્તાક અંજારિયા, અભુ લોઢીયા, હાજી ઉમર, જત હાજી મજીદ, સલીમ ખત્રી, અમીરઅલી રાયમા, અલતાફ રાયમા, મૌલાના શફી, ખત્રી અનવરભાઈ, મૌલાના શબ્બીર રાયમા, શબ્બીર ખત્રી તેમજ મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

**હાજીપીર મસ્જિદ, અંજાર**

અંજારમાં હાજીપીર દરગાહ મસ્જિદમાં મૌલાના મુસાએ નમાઝ અદા કરાવી હતી. આ વિસ્તારના વડીલો, અગ્રણીઓ તથા યુવા સર્કલે એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી અને દેશમાં ભાઈચારા અને શાંતિ માટે દુઆ કરી હતી.

અંજાર પોલીસ સ્ટેશનમાં હિન્દુ–મુસ્લિમ સમાજની સુલહ શાંતિ, ભાઈચારા માટે પી.આઈ. શ્રી સીસોદીયાના વડપણ હેઠળ બેઠક યોજાઈ હતી. બંને સમાજને સહયોગની ખાત્રી આપી હતી.

**કુકમા**

(રફીક ચાકી, કોટડા દ્વારા)

ભુજ તાલુકાના મિયાણીપટીના કુકમા, રેલડી, સૈયદ પર અને કોટડા (ચકાર) પંથકમાં ઈદ ઉલ અઝહાની નમાઝ અદા કરવામાં આવી હતી. ઈદગાહ મેદાનમાં મૌલાના આદિલ અને મૌલાના ગુલઝારઅહેમદ અત્તારીએ નમાઝ અદા કરાવી હતી. ઈદગાહ ખાતે સુન્ની કમિટી દ્વારા આગેવાનીમાં ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. માજી પ્રમુખ મિયાજી સત્તારબાપુ હુશૈન, પ્રમુખ મોકરશી ઓસમાણ હાજી દાના, હાજી સુલેમાન કક્કલ, રમજુ સના સહિત મુસ્લિમ બિરાદરો અને બાળકો અને આજુબાજુ ગામના મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. મિયાણીપટીના અને કોટડા ચકાર પંથક સહિત સમગ્ર વિસ્તારમાં શાંતિપૂર્ણ રીતે ઈદનો તહેવાર સંપન્ન થવા પામ્યો હતો. કુકમા સુન્ની મુસ્લિમ કમિટીએ વ્યવસ્થા કરી હતી તેવું મિયાંજી સત્તારબાપુએ જણાવ્યું હતું.

**શિરવા (તા. માંડવી)**

શિરવા (તા. માંડવી) ખાતે મસ્જિદે કાદરિયામાં મૌલાના અસલમે નમાઝ અદા કરાવી કુરબાનીનું મહત્વ સમજાવ્યું હતું. આજનો દિવસ આપસી મતભેદને દૂર કરવાનું દિવસ છે. આપણા આકા હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ પણ માફીનું પયગામ આપ્યું છે. સૈયદ જમીલશા બાવા (શિરવા મુસ્લિમ જમાત – પ્રમુખ)એ શિરવા મુસ્લિમ જમાતને ઈદની મુબારકબાદી આપી હતી.

**ભારાપર (તા. ભુજ)**

ભુજ તાલુકા ભારાપરમાં ઈદ ઉલ અઝહા મનાવવામાં આવી હતી જેમાં ગામ લોકો સાથે આજુ બાજુના લોકોએ નમાઝ અદા કરી હતી. બાદમાં એક બીજાને મુબારકબાદી આપી હતી. મૌલાના નૂર અહેમદ, મૌલાના બરકતઅલી, મૌલાના હસનરઝા અત્તારી, સૈયદ સાદાત વગેરે હાજર રહ્યા હતા.

**શિકારપુર (તા. ભચાઉ)**

શિકારપુર (તા. ભચાઉ) ખાતે ઈદુલ અઝહા પ્રસંગે ગામની મસ્જિદ પાસે મુસ્લિમ બિરાદરો એકત્ર થઈ ઈદગાહ પહોંચ્યા હતા જ્યાં મૌલાના ગુલામહુસૈને ઈદ નમાઝ અદા કરાવી હતી. હાજી સિદ્દીક ત્રાયા, હાજી ઉમરદ્દીન ત્રાયાએ વ્યવસ્થા સંભાળી હતી.



ROYAL CROWN
ફર્નિચર & ઈલેક્ટ્રોનિક્સ
નવી ડિઝાઈન અને નવી શ્રેણી સાથે...
પ્લોટ નં. ૫, ન્યુ મહેરૂન પાર્ક, પાટવાડી નાકા બહાર, ચાર રસ્તા પાસે, ભુજ-કચ્છ.
98257 08257 | 99792 54111
info@royalcrownbhuj.com



WAY 2 MAP INTERNATIONAL TOURISM
Xplore/Educate/Enjoy..
IATA

: મોહર્રમ ઉમરાહ ૨૦૨૪ પેકેજ :
15 દિવસ રૂા. 79,999/- | 20 દિવસ રૂા. 89,999/-
હિલ્ટન પેકેજ : 1,05,000/- મક્કા હોટલ 0 મીટર
અમદાવાદ થી ડાયરેક્ટ ફ્લાઈટ - રવાનગી : ૨૫/૭/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

: ઉમરાહ સાથે ઈરાક ઝિયારત :
સફર દિવસ : 32, રૂા. 1,95,000/-
ઈદે મીલાદ મદીના મુનવ્વરામાં - ૧૧વીં શરીફ બગદાદ ગૌષે પાકની બારગાહમાં
અમદાવાદ થી અમદાવાદ - રવાનગી : ૧૧/૯/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

: ૧૨ રબીઉલ અવ્વલ ઉમરાહ :
15 દિવસ રૂા. 82,000/- | 20 દિવસ રૂા. 92,000/-
હિલ્ટન પેકેજ : 1,10,000/- મક્કા હોટલ 0 મીટર
અમદાવાદ થી ડાયરેક્ટ ફ્લાઈટ - રવાનગી : ૧૧/૯/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

૧૧વીં શરીફ ઈરાક ઝિયારત પેકેજ – 11 દિવસ રૂા. 98,000/-
અમદાવાદ થી અમદાવાદ - રવાનગી : ૧૦/૧૦/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

: વેકેશન ઉમરાહ ૨૦૨૪ પેકેજ :
15 દિવસ રૂા. 78,999/- | 20 દિવસ રૂા. 88,999/-
હિલ્ટન પેકેજ : 1,05,000/- મક્કા હોટલ 0 મીટર
અમદાવાદ થી ડાયરેક્ટ ફ્લાઈટ - રવાનગી : ૨૮/૧૦/૨૦૨૪ ઈન્શાઅલ્લાહ

| | | | |
|---|---|---|---|
| એહમદ મેમણ, ભુજ, 9998707032 | પરવેઝ શેખ, ભુજ, 8140585252 | મહેબુબ બલોચ, માંડવી, 8866462757 | અબ્દુલગની જત, ભુજ, 9978862189 |
| ઈમ્તિયાઝ સમા, ભુજ, 9974759494 | મહેમુદશા સૈયદ, ધ્રબ, મુંદરા, 8160601699 | અરબાજ સુમરા, નલીયા, 7777978568 | અસલમ સોઢા, નલીયા, 9106602051 |

હેડ ઓફીસ :- શોપ નં. 3, દિત્તી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ. ઈરફાન મેમણ : ૮૪૯૯૧ ૭૧૯૮૪
માંડવી ઓફીસ :- કલવાન રોડ, જોશી રોટીવાલાની ઉપર, માંડવી-કચ્છ. આસીફ તુરીયા : ૮૫૩૦૩ ૫૪૮૮૯

નઈ બોતલ મેં પૂરાની શરાબ
– એક હિન્દી કહેવત

**ફારૂક સાપ્તાહિક**
**તંત્રી સ્થાનેથી...**

# ચૂંટણી પરિણામો બાદ ધ્રુવીકરણ વેગ પકડે છે

૧૮મી લોકસભાની ચૂંટણીઓ પૂર્વે અને દરમ્યાન ગોદી મીડિયા અને ભાજપના IT સેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને વિરાટ અજય નેતા તરીકે જાહેર કર્યા. ભાજપને ૪૦૦ પારનો સુત્ર આપ્યો જેને ગોદી મીડિયાએ ગાઈ–વગાડીને રજૂ કર્યું. ગોદી પત્રકારો વડાપ્રધાનના ઈન્ટરવ્યુ દરમ્યાન એટલા ઉત્સાહિત હતા કે ૨૦૨૪ની ચૂંટણીઓને ઔપચારિકતા માત્ર દર્શાવતા હતા અને વડાપ્રધાન ૨૦૨૯ની તૈયારીઓ અત્યારથી કરી રહ્યા છે તેવું દર્શકો સામે માહોલ (narrative) ઉભો કરી રહ્યા હતા. ૪ જૂનના ચૂંટણી પરિણામો એ દર્શાવ્યું કે ભાજપ–NDAને કોઈ કલીન સ્વીપ પ્રાપ્ત થઈ નથી. ભાજપ ખુદ ૨૭૨ના જાદુઈ આંકડે પહોંચી શકી નથી. JDU–TDPના સહારે સરકાર રચાઈ છે.

૨૦૨૪ના ચૂંટણી પ્રચારોમાં શબ્દો ચોર્યા વગર વડાપ્રધાન મોદીએ મુસલમાનોને પારકા (ઘૂણસખોર) ચિતરવામાં કોઈ કસર બાકી ન છોડી અને કોંગ્રેસ એટલે મુસ્લિમોનું પક્ષ સિધ્ધ કરવા માટે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાનો મનઘડત અર્થઘટન કરી અનેક સભાઓમાં કહ્યું કે, કોંગ્રેસ SC, ST, OBCનો અનામત કવોટા ઘટાડી તે ભાગ મુસલમાનો આપી દેશે. પરિણામો બાદ સ્થિતિ એ સર્જાઈ કે મુસ્લિમ અનામતનો ખુલ્લેઆમ સમર્થન કરનાર TDPના સહારે જ મોદી સરકાર ટકેલી છે. દેખીતી રીતે મોદીનો આ ઘટેલો (resized) કદ તેમના સમર્થકોને કોઈ રીતે ગવારા નથી આથી ગોદી મીડિયાના પત્રકારો અને IT સેલ દ્વારા મોદીની છબીને પુનઃ મજબૂત બનાવવાના ભરપૂર પ્રયાસ થઈ રહ્યા છે.

ભાજપ ટીમ દ્વારા સમગ્ર ચૂંટણી પ્રચારમાં પ્રયાસ કરવામાં આવ્યો હતો કે કોંગ્રેસ મુસ્લિમોનું તૃષ્ટિકરણ કરી રહી છે. જે સંપત્તિ પર બહુમતી વર્ગનો અધિકાર છે તે કોંગ્રેસ પોતાની વોટ બેન્ક (મુસ્લિમો)ને આપી દેવા માગે છે. તા. ૩૦–૪ના તેલાંગાણાની એક ચૂંટણી સભામાં વડાપ્રધાને કહ્યું હતું કે, ‘‘તેમને (કોંગ્રેસને) અન્ય ધર્મોની પરવા નથી. SC, ST, OBC અને અન્ય વંચિત સમૂહોને મળનાર અનામતને ધર્મના આધારે મુસલમાનોને આપવા નહીં દઉં, તેઓ (કોંગ્રેસ) વોટ બેન્ક માટે બંધારણને બદનામ કરવા નિકળ્યા છે પરંતું કોંગ્રેસવાળા સંભાળી લે, તેમના અટ્ટા બટ્ટા સંભાળી લે, તેમની પૂરી જમાત સંભાળી લે, જયાં સુધી મોદી જીવે છે, દલિત, SC, ST, OBCનો અનામત ધર્મના આધારે મુસલમાનોને નહીં આપવા દાઉં, નહીં આપવા દઉં, નહીં આપવા દઉં.’’

ચૂંટણી પરિણામો એ ઉલટ પરિસ્થિત સર્જી દીધી છે. ભાજપને સત્તામાં રહેવા માટે TDPની જરૂર છે. અને TDPએ આંધ્રપ્રદેશમાં મુસ્લિમ આરક્ષણ જાળવી રાખવાનો વચન આપ્યો છે જેના પર તે અડગ છે. TDPના વલણ બાદ મોદી વિરોધીઓએ સોશ્યલ મીડિયા પર તેમને નિશાન બનાવ્યા હતા. કેન્દ્રમાં છેલ્લા ૧૦ વર્ષમાં પૂર્ણ બહુમતી સાથે નરેન્દ્રભાઈએ સત્તા ભોગવી છે અને પોતાના નિર્ણયો પર અડગ રહેતા હોવાની છાપ ઉભી કરી છે. મુસ્લિમ અનામત તરફી સાથીદાર અંગે સોશ્યલ મીડિયા પર થતી ટિપ્પણી ને પહોંચી વળવા માટે મોદી સમર્થકો દ્વારા ફરી કોંગ્રેસ મુસ્લિમોનો પક્ષ છે તે દર્શાવવા પર જોર મૂકયો હતો. મુસ્લિમોએ ભાજપને મત નથી આપ્યા માટે ભાજપ ૪૦૦ પારનો લક્ષ્યાંક પાર નથી કરી શકી તેવો ભ્રમ ફેલાવવામાં આવ્યો હતો. સોશ્યલ મીડિયા પર એક બિનમુસ્લિમ યૂઝર મુસ્લિમોનો પહેરવેશ (દાઢી–ગોલ ટોપી) સાથે કહેતા સંભળાયો હતો કે, ‘‘હાથમેં સરકાર આતે આતે રામભકતોને બચા લીયા નહીંતો રાહુલ હમેં આરક્ષણ દેતા, અયોધ્યામેં રામમંદિર કી જગહ મસ્જિદ બનતી હમારી.’’ એક મિનિટનો આ વિડીયો ખૂબ વાયરલ થયા બાદ ‘X’ પરથી ડીલીટ કરી દેવાયો હતો. અર્થાત્ ચૂંટણી પૂરી થઈ ગઈ પરિણામો આવી ગયા છતાં ધ્રુવીકરણની રાજનીતિ ઘટી નથી બલ્કે ૨૦૨૪માં હાથમાંથી સરકી ગયેલો મેદાન પુનઃ પ્રાપ્ત કરવા અત્યારથી જ ધ્રુવીકરણની રાજનીતિએ ગતિ પકડી છે.

૨૦૨૪માં ભાજપે માત્ર એક મુસ્લિમ ઉમેદવાર અબ્દુલસલામને કેરળમાંથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા તે પરાજિત થયા છે. ઉપરાંત કોઈ ખ્રિસ્તી કે સિખ સાંસદ તરીકે ચૂંટાયો નથી તેમ છતાં મોદી ૩.૦ના પ્રધાનમંડળમાં રવનીતસિંહ બિટ્ટુ (સિખ) અને જ્યોર્જ કુરિયન (ખ્રિસ્તી)ને સમાવી લેવામાં આવ્યો આવ્યા છે પરંતુ કોઈ મુસ્લિમોને સમાવવામાં નથી આવ્યો. વડાપ્રધાન ઉપરાંત ૭૧ સાંસદોએ મંત્રીઓ તરીકે શપથ લીધા છે જેમાં ૩૦ કેબિનેટ મંત્રી, પાંચ રાજ્ય મંત્રી સ્વતંત્ર હવાલાવાળા અને ૩૬ રાજ્ય મંત્રીઓએ શપથ લીધા છે.

BBCએ એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રીફોર્મ્સના હવાલાથી લખ્યું છે કે મોદી ૩.૦ની મંત્રી પરિષદમાં ૭૧ માંથી ૨૮ મંત્રીઓ (૩૯.૪૪%) સામે ફોજદારી મામલા નોંધાયેલા છે જેમાંથી ૧૯ મંત્રીઓ (૨૬.૭૬%) સામે હત્યાનો પ્રયાસ, મહિલાઓ વિરૂધ્ધ અપરાધ, નફરત ફેલાવતા ભાષણના મામલા નોંધાયેલા છે. સેંકડો મહિલાઓના યૌન શોષણના આરોપી JD(S)ના પ્રજવલ રેવન્નાના કાકા એચ. ડી. કુમારસ્વામિને મંત્રી મંડળ માં સમાવવામાં આવ્યા છે તો પ્રશ્ન એ થાય છે કે આખરે કોઈ એક મુસ્લિમ તેનાને મંત્રી મંડળમાં ન સમાવી લેવા પાછળ દેશને શું સંદેશ પાઠવવામાં આવી રહ્યો છે.

હકીકત એ છે કે CSDS લોકહિત સર્વે અનુસાર ઉચ્ચ જાતિના હિન્દુઓએ NDAને ૬૦% અને INDIAને ૪૦% મત આપ્યા છે જયારે ગુજરાતમાં સેન્ટર ફોર ડેવલપિંગ સોસાયટીના સર્વે મુજબ ગુજરાતમાં ૨૯.૩% મુસ્લિમોએ ભાજપને મત આપ્યા છે. ઉક્ત આંકડા દર્શાવે છે કે કોંગ્રેસ મુસ્લિમોનો પક્ષ છે તે ખપાવવા ભાજપને નિષ્ફળતા પ્રાપ્ત થઈ છે. આ ડેમેજ કેન્ટ્રોલની શરૂઆત ધ્રુવીકરણને વેગ આપી કરાઈ રહી છે.

(ગતાંકથી ચાલુ)



# શરઈ અહકામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)
સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

## તહારત

કપડાં પાક કરવાની યોગ્ય શરઈ પધ્ધતિનું વર્ણન કરીએ. ઉદાહરણ તરીકે માની લો કે કપડાં નો કોઈ નાનો ભાગ નાપાક છે, પાક કરવાની શરઈ પધ્ધતિ એ છે કે પ્રથમ નળ ખોલી દો અને ધ્યાન એ રાખવાનું છે કે કપડાંમાંથી જે પાણી વહીને ટપકશે તે નાપાક હશે. એ તમારા વસ્ત્ર પર ન લાગે, નળને ખૂબ જ ધીમો રાખો કારણ કે જો નળને ખૂબ વધારે ખોલી દેવામાં આવશે તો પ્રેશરના કારણે તેના છાંટા આજુ બાજુ ઉડશે આથી જે કપડાં ધોઈ રહ્યા છે તેના વસ્ત્ર પર પણ નાપાક પાણીના ટીપાં ઉડશે અને તેણે પહેરેલા વસ્ત્ર પણ નાપાક થઈ જશે.

નળ ધીમો રાખવાનો અને ત્યારબાદ જે ગંદકી લાગેલી છે તે ભાગને નળ નીચે રાખીને હાથ વડે મસળો. જ્યારે સંતોષ થઈ જાય કે પાણી ગંદકીને પોતાની સાથે લઈ ગયો અથવા જો નજાસત નજર આવી રહી હતી, તમે જોયું કે હવે એ નજાસત પાણી સાથે વહીને નિકળી ગઈ છે. તો હવે કપડું પાક થઈ ગયું. આ કપડું પાક કરવાની શરઈ પધ્ધતિ છે, અહીં કલ્બી ઈત્મીનાન હાંસિલ કરવું જરૂરી છે એટલે કે મનનો સંતોષ પ્રાપ્ત કરવો જરૂરી છે કે, પાણી કપડાંની નજાસત (ગંદકી) પોતાની સાથે વહેવડાવીને સાથે લઈ ગયું. કપડાં પાક હોવાનો અર્થ એ છે કે, તેના પર કોઈ નજાસત ન હોય અને હોય તો તે નજાસત ને દૂર કરી દેવામાં આવે તો તે કપડું પાક ગણાશે.

આ શરઈ પધ્ધતિ જ્યાં પાણી સતત વહેતુ, હોય (જેમકે નળનું પાણી) ત્યાં જ ઉપયોગમાં લઈ શકાય છે. નદીના કિનારે બેસો અને કપડાંને પાણીમાં ઘસતા જાઓ અને જ્યારે તમને સંતોષ થઈ જાય કે, નદીનું પાણી ગંદકીને પોતાની સાથે વહેવડાવીને લઈ ગયું તો કપડું પાક થઈ ગયું. પરંતુ ઘણી જગ્યા એવી હોય છે કે, પાણી નથી હોતું જેમકે, મેદાને અરફાત. કપડું નાપાક થઈ ગયું હવે તમારી પાસે એક નાનકડું વાસણ છે એમાં પાણી છે. તો તમે જો એના ઉપર પાણી રેડશો તો પાણીની ધાર કપાશે. પાણીની સતત ધાર વહેશે નહીં આથી તે વહેતુ પાણી ન ગણાય.

જ્યાં વહેતું પાણી ન હોય ત્યાં કપડું પાક કરવાની બીજી પધ્ધતિ છે કે, કપડાંને ડાબા હાથમાં પકડો, જે ભાગ નાપાક છે તેના પર પાણી નાખો અને તેને મસળો, થોડી વાર મસળ્યા બાદ તેને ખૂબ જ જોરથી (બળપૂર્વક) નિચોવો. એટલા જોરથી નિચોવો કે એમાંથી એક ટીપું પણ ન વહે. હવે એને મૂકી દો, તમારા હાથ નાપાક થઈ ગયા છે એને પાણીથી ધોઈ લો. ત્યારબાદ બીજી વાર ફરી પાછો થોડોક પાણી લઈ જે ભાગ નાપાક હતો એના પર પાણી રેડી ફરી તેને મસળો અને ત્યારબાદ પૂરી તાકત થી તેને નિચોવો કે એક પણ ટીપું ન વહે. હવે વળી તે કપડું મૂકી પોતાના હાથને ધુઓ. ત્યારબાદ ત્રીજી વાર, એ જ રીતે કપડાં પર પાણી નાખો, મસળો અને ત્રીજી વાર ખૂબ જોરથી તાકત લગાડીને કપડાંને નિચોવો. જ્યારે એમાંથી ટીપાં પડવાના બંધ થઈ જાય તો આ કપડું પાક થઈ જશે. આમ તો આ થોડીક મુશ્કેલીવાળી પધ્ધતિ છે પરંતુ જ્યાં પાણીનું પ્રમાણ ઓછું હોય અથવા તો પાણીની ધાર તૂટી જતી હોય, સતત ધાર વહેતી ન હોય એવી જગ્યાએ આ પધ્ધતિનો ઉપયોગ કરવો જરૂરી છે. પરંતુ જ્યાં સતત ધાર વહી રહી છે, પાણીની ધાર ક્યાંય પણ અટકતી નથી, તો એવી જગ્યાએ નળ નીચે કપડું રાખીને ધોવાથી વારંવાર નિચોવાની જરૂર નથી.

(ક્રમશઃ)

# ચૂંટણી પરિણામ અને ભાવિ રણનીતિ

18મી લોકસભાની ચૂંટણી પરિણામો પર આપણે સૌએ હવે મંથન કરવું જોઈએ કે દેશનું ભવિષ્ય ઘડવામાં આપણે ક્યા નવા પડકારોનો સામનો કરવો પડશે અને તાજેતરની ચૂંટણીએ લોકોની સામે શું સંભાવનાઓ ઊભી કરી છે ?

આ સંદર્ભે સૌથી પહેલી વાત એ છે કે આ સંસદીય ચૂંટણીમાં પરિસ્થિતિને બદલવામાં રાજકીય પક્ષો કરતાં દેશ અને સમાજના દરેક વર્તુળ અને ક્ષેત્રમાં કાર્યરત સિવિલ સોસાયટીની ભૂમિકા વધુ મહત્ત્વની રહી છે. રાજકીય પક્ષોમાં પણ તેમના સમર્થનને કારણે પાછળથી ઉત્સાહ અને ઉત્તેજના જોવા મળી હતી.

તેથી, સત્ય એ છે કે આ ચૂંટણીમાં જે પ્રાપ્ત થયું છે, પછી ભલે તે લોકતાંત્રિક મૂલ્યોની પ્રતિષ્ઠા હોય, ધાર્મિક સ્વતંત્રતા અને સહિષ્ણુતાની ભારતીય પરંપરા હોય, બંધારણીય રીતભાત અને સંસ્થાઓનું સન્માન હોય, નબળા અને પીડિતોને સમર્થન હોય, સરકારની કલ્યાણકારી ભૂમિકા અને સામાજિક ન્યાયના પાઠની વાર્તા હોય. આ બધા પાછળ સિવિલ સોસાયટીની મુખ્ય ભૂમિકા રહી છે. આપણે સૌને યાદ છે કે રાજકીય પક્ષો પોતાના અંગત, પારિવારિક અને પક્ષીય હિતોથી ઉપર આવવામાં જ સક્ષમ ન હતા. મોટા ભાગના પક્ષો ભયભીત હતા. એ પણ વાસ્તવિકતા છે કે મોટા ભાગે પક્ષના નેતાઓ પોતે કલંકિત છે, તેથી તેમના પર આવકવેરા અને EDનો ડર છવાયેલો હતો, તેથી આ પક્ષોની ચૂંટણીનું કથાનક પક્ષના સિમિત રાજકીય હિતોથી આગળ વધતું ન હતું. આ સંદર્ભે રાહુલ ગાંધીનું નિવેદન પ્રશંસનીય હતું. તેઓએ સ્પષ્ટ રીતે હિન્દુત્વ વિચારધારાને નિશાન બનાવ્યું, ભાજપની પાયાની નીતિની ટીકા કરી, ગાંધીજી અને નહેરુના સપનાને સાચા અર્થમાં રજૂ કર્યા અને તેમની ન્યાય યાત્રાએ ખૂબ સરસ કામ કર્યું.

INDIA ગઠબંધન આજે સરકાર બનાવવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. તેનું એક કારણ ગઠબંધન સાથે જોડાયેલ રાજકીય પક્ષોની નબળાઈ પણ છે. બિહારમાં લાલુ પ્રસાદનો પુત્રમોહ એટલે કે પોતાના પુત્ર–પુત્રીઓને સત્તા પર બેસાડવાની અદમ્ય ઈચ્છા પણ દેખાઈ આવે છે. પપ્પુ યાદવની પાછળ પડવાનું કારણ શું હોઈ શકે ? કન્હૈયા કુમારને ઉમેદવારી માટે દિલ્હી કેમ જવું પડ્યું ?

ઉમેદવારોના ચયનમાં છેલ્લે સુધી અનિર્ણયની અવસ્થા રહી. છેલ્લે સુધી વાત બનતી અને બગડતી રહી. હીના શહાબની સમસ્યાનો ઉકેલ અંત સુધી ન આવી શક્યો. નીતીશ કુમારનાં વટળાવવાના કારણે બિહારની સરકાર એક જ વારમાં પલટાઈ ગઈ અને રાજ્યમાં સંસદીય ચૂંટણીઓ ભાજપા સરકારની છત્ર છાયા હેઠળ યોજાઈ, જેના કારણે રાજકીય પૃષ્ઠભૂમિ બદલાઈ ગઈ. આજ જે દશ્ય ઉપસી રહ્યું છે તે નીતીશની આ રાજકીય કુટિલતાનું પરિણામ છે. બિહારમાં કોંગ્રેસની સંગઠનાત્મક સ્થિતિ શું છે. બંગાળમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષની ભૂમિકા ગઠબંધન માટે નકારાત્મક રહી છે. રાજકીય પક્ષોનો મામલો સાવ જુદો છે, તેમની રૂલ્સ–ઓફ–ગેમનું મૂળ સૂત્ર સત્તા મેળવવાનું છે.

જેથી સરકાર ગમે તેની બને અને ગમે તેટલા સમય સુધી ચાલે, પણ સિવિલ સોસાયટી દ્વારા આયોજનપૂર્વક દેશભરમાં ગ્રાસ રૂટ લેવલે ખૂબ જ નાના કાર્યક્રમો થકી અને પછી રાજ્ય સ્તરે મોટા કાર્યક્રમો ઉજવી પોતાની રાજકીય જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવવાનો ઉત્સવ મનાવવો જોઈએ. અને આ મિશનને સંયુક્ત રીતે ચાલુ રાખવું જોઈએ. દરેક સ્તરે રાજકીય પક્ષોથી ‘સાર્થક નિકટતા’ અને ‘સમજદારીભર્યું અંતર’ ઊભું કરી નવા નવા રાજકીય સમીકરણો અને સંયુક્ત નેતૃત્વ ઊભું કરવું જોઈએ. મુસ્લિમોએ પણ આ અભિયાનમાં સહભાગી થવું જોઈએ અને નવી પેઢીમાં રાજકીય નેતૃત્વ વિકસાવવું જોઈએ, કારણ કે રાજકીય પક્ષો સાથે સંકળાયેલા આપણા નેતાઓ દંભના રોગથી પીડિત છે. તેઓ તો સત્તાની ભોજન–પંગતમાં ફેંકેલા અને ચૂસેલા હાડકાંઓનાં લોભ અને લાલચમાં રાજકીય પક્ષોના નેતાઓ સામે વાટકો લઈને ઉભેલા છે. સિવાય કે એક બે નેતાઓ જેમની કદર થવી જોઈએ. જો કે, આ સંદર્ભમાં, એ લોકો જે ‘ખયરે ઉમ્મત’ હોવાની પોતાની જવાબદારીઓથી વાકેફ છે તેમને પણ પોતાના આશ્રય સ્થળથી બહાર નિકળવું પડશે અને આવા લોકોની આગેવાની લેવી પડશે.

લેખક :
**ડો. હસન રઝા**
સંરક્ષક – United Milli Forum
ઝારખંડ

જો કે આ ચૂંટણીમાં સિવિલ સોસાયટી સાથે સંકળાયેલા ભારતીય નાગરિકો અને કેટલાક મીડિયા પર્સનની ભૂમિકા ખૂબ જ મૂલ્યવાન અને પ્રશંસાપાત્ર રહી છે, તેમની પ્રશંસા અને સાથે સાથે વધુ કેળવણી થવી જોઈએ.

એ યાદ રાખવું જોઈએ કે ભારતના રાજકીય ઈતિહાસમાં આ તે ક્ષણ છે, જ્યારે સમગ્ર મુસ્લિમ સમુદાય સંગઠિત રીતે કોમી સંઘર્ષની રાજનીતિના શબપેટીમાં છેલ્લો ખીલો ઠોકવાનો નિષ્ઠાપૂર્વકનો નિર્ણય લઈ લે તો ઈતિહાસનો માર્ગ બદલી શકાય છે. નહિંતર, આ જે ટૂંકી રાહત મળેલ છે, તેમાં પણ જો કોમી રાજનીતિનો એ જ રાગ આલાપ્યા કરશે અને **‘ખયરે ઉમ્મત’ (શ્રેષ્ઠ ઉમ્મત)** અને **‘ઉખ્રેજત લિન્નાસ’ (ઈન્સાનો માટે કાઢવામાં આવેલ)**ની ફરજ નહીં બજાવે તો, એ યાદ રાખવું જોઈએ કે આ પછી હિન્દુત્વની અંતિમ પરાકાષ્ઠા જે હજુ બાકી છે, તેને આવતા રોકી શકાશે નહીં.

જો હોય, હિન્દુત્વવાદી દળોની આંશિક હારથી એક નવો પડકાર ઉભો થયો છે, જો સંપૂર્ણ હાર થઈ હોત તો વાત જુદી હતી. આ પરિસ્થિતિ કંઈક જુદી છે. આ માત્ર એક અંતરાલ જ પુરવાર ન થાય તે જોવું રહ્યું. રાષ્ટ્રીય રાજકારણનો રંગ બદલાયો નથી, એ ભૂલવું ન જોઈએ કે થોડા દિવસોમાં જ કેટલાક રાજ્યોની ધારાસભાની ચૂંટણી આવવાની છે. નવી કાર્યનીતિ સાથે એક ઘવાયેલ નાગણની જેમ તે આ બધા કાર્યો કરશે. તેમની સંગઠન શક્તિ, સંસાધનો અને કમિટમેન્ટ ઉપર નજર રહવી જોઈએ. સમયે બંને ને કામ કરવાના અવસરો આપ્યા છે. હિન્દુત્વની રાજનીતિને પણ અને લોકશાહી અને ધાર્મિક સહિષ્ણુતાની શક્તિઓને પણ. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને પણ અને બંધારણીય રાષ્ટ્રવાદના પ્રણેતાઓને પણ. એ જુદી વાત કે આ બંધારણીય શક્તિઓ તે ‘જાદુઈ આંકડો’ પ્રાપ્ત ન કરી શક્યા હોય પણ એકંદરે સંગઠનાત્મક શક્તિ અથવા અન્ય સંસાધનોની દષ્ટિએ સાંપ્રદાયિક શક્તિઓનું પલડું ભારે વધુ છે.

એક પાસું એ પણ છે કે ભાજપાના સાંસદોની સંખ્યા તો ઓછી થઈ છે પણ તેનો વિસ્તાર વધ્યો છે. કેરાલામાં એક સાંસદ હોવું પણ ઘણું અગત્યનું છે. કોંગ્રેસ વિશે એ વાત ધ્યાને રાખવી જોઈએ કે કેરાલાના કોંગ્રેસીઓ વટળાશે તો એક જ ક્ષણમાં બધા ભાજપાઈ થઈ જવાના. દક્ષિણના રાજ્યોમાં પણ ભાજપની પેશકદમી એક મોટી ઘટના છે. આ તેનો વિસ્તાર દર્શાવે છે. કર્ણાટક, આંધ્ર અને તેલંગાણામાં દરેક જગ્યાએ તેઓ પ્રવેશી ગયા છે. આ સ્થિતિમાં તેઓ સરકાર બનાવે અથવા ન બનાવે. જાદુઈ આંકડો પ્રાપ્ત કરી શકે કે નહીં એ દષ્ટિકોણથી જોવાની જરૂર નથી. પરંતુ આ ઐતિહાસિક શક્તિના ઉદય, પ્રસાર, બદલાવ અને વહેણ ઉપર પણ નજર રાખવાની જરૂર છે. અને ત્યારે જ પડકારો અને સંભાવનાઓનું સારી રીતે આંકલન કરી શકાશે. એટલે જ અપીલ કરવામાં આવે છે કે તમામ સિવિલ સોસાયટીના લોકો ભેગા મળે, બીજા સમાન વિચારધારા વાળા લોકોને પણ સાથે લે અને આ બાબતો પર ખુલ્લા મને ચર્ચા–વિચારણા કરે.

## ઈબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | સહેરી | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૨૪–૦૬–૨૪ | ૬–૦૯ | ૭–૪૦ | ૧૨–૫૪ | ૫–૪૦ | ૪–૨૯ | ૭–૪૪ |
| ૨૫–૦૬–૨૪ | ૬–૧૦ | ૭–૪૦ | ૧૨–૫૪ | ૫–૪૦ | ૪–૩૦ | ૭–૪૪ |
| ૨૬–૦૬–૨૪ | ૬–૧૦ | ૭–૪૦ | ૧૨–૫૪ | ૫–૪૦ | ૪–૩૦ | ૭–૪૪ |
| ૨૭–૦૬–૨૪ | ૬–૧૧ | ૭–૪૦ | ૧૨–૫૫ | ૫–૪૦ | ૪–૩૧ | ૭–૪૪ |
| ૨૮–૦૬–૨૪ | ૬–૧૧ | ૭–૪૧ | ૧૨–૫૫ | ૫–૪૦ | ૪–૩૧ | ૭–૪૫ |
| ૨૯–૦૬–૨૪ | ૬–૧૨ | ૭–૪૧ | ૧૨–૫૫ | ૫–૪૦ | ૪–૩૨ | ૭–૪૫ |
| ૩૦–૦૬–૨૪ | ૬–૧૨ | ૭–૪૧ | ૧૨–૫૫ | ૫–૪૦ | ૪–૩૨ | ૭–૪૫ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી
મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩:૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# એક ઈદી ઈદ ને..!!

ઈદ મુસ્લિમ લોકોનો અને ઈસ્લામના મુખ્ય તહેવારોમાંનો એક તહેવાર છે. સમગ્ર વિશ્વમાં મુસ્લિમો વર્ષમાં ત્રણ ઈદની ઉજવણી કરે છે : ઈદુલ ફિત્ર, ઈદુલ અઝહા, ઈદે મીલાદ.

ઈદના દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં ધામધૂમથી કરવામાં આવે છે. નવા વસ્ત્રો પહેરી ઈદની નમાઝ અદા કરી એકબીજાને ઈદની મુબારકબાદી આપી દૂધ–સેવૈયા ખાઈ અને ખવડાવીને મોં મીઠું કરાવાય છે.

ઘણીવાર સમય જતાં તહેવારની ઉજવણીનો સાચો અને મૂળ ઉદ્દેશ્ય વિસરાઈ જાય છે. મને યાદ છે હું નાની હતી ત્યારે હિન્દીમાં એક વાર્તા ભણવામાં આવતી હતી કદાચ તમે પણ એનાથી પરિચિત હશો જ...

'ઈદગાહ' – મુન્શી પ્રેમચંદ ની એક અનોખી વાર્તા. તમને થશે આજે વળી મને પાછું શું યાદ આવ્યું ? મને યાદ આવી ઈદ.. ઈદની ઉજવણી.

'ઈદગાહ' હામિદ નામના એક ચાર–પાંચ વર્ષના મા–બાપ વિનાના ગરીબ બાળકની વાર્તા છે. જે ખૂબ જ ગરીબ છે અને દાદી અમીના સાથે રહે છે. એના માતા–પિતા મૃત્યુ પામ્યા છે પણ દાદી અમીનાએ હામિદને કહ્યું છે કે – તેના અબ્બા અને મા તેના માટે ભેટ–સોગાદ લેવા અલ્લાહ પાસે ગયા છે. જૂના ફાટેલા કપડા, પગમાં જૂતા (ચપ્પલ) નથી, માથે જૂની મેલી ટોપી, છતાં બુઢ્ઢી દાદી અમીનાની પરવરિશમાં રહેતો એ હામિદ ખૂબ આશાવાન અને ડાહ્યો છોકરો છે.

> લેખિકા :
> **રૂબીના વ્હોરા 'રૂબી'**
> શિક્ષિકા :
> ભટ્ટાઈ વિભાગ માધ્યમિક શાળા, નવસારી.

ઈદ હોવા છતાં હામિદ માટે નવા કપડા અને જૂતા ન લઈ શકનાર દાદી અમીનાનું દિલ રડી રહ્યું છે. જેને તેના માટે સપનાઓની મોટી, ખોટી અને અનોખી દુનિયા સજાવી રાખી છે. આજે ઈદ છે કંઈ પણ ન હોવા છતાં નાનકડો હામિદ ખૂબ ખુશ છે. તે પોતાના મિત્રો નૂરે, સમ્મી, મહેમૂદ, મોહસિન સાથે ઈદગાહ જવા તૈયાર થયો છે પણ દાદી અમીના તેના માટે ડરી રહી છે કે તે એકલો પગમાં જૂના જૂતા સાથે ત્રણ માઈલ ચાલીને કેવી રીતે જશે ? આથી તે હામિદને જવા માટે ના પાડી રહી છે. પણ હામિદની ધીરજથી તે તેને જવાની મંજૂરી આપે છે. અને સાથે ત્રણ પૈસા ઈદી આપે છે. ઈદગાહ પહોંચી ઈદની નમાઝ પછી બધા બાળકો પોત–પોતાના ઈદીના ખજાનામાંથી જાત જાતના રમકડાં અને મીઠાઈઓ ખરીદે છે, ચગડોળમાં બેસે છે પણ હામિદ લલચાયેલી નજરે આ બધું જોયા કરે છે કારણ કે હામિદ પાસે માત્ર ત્રણ પૈસા જ છે. બધા પોતાના રમકડાં અને મીઠાઈઓ બતાવીને બતાવીને હામિદને ચીઢવે છે. આખરે હામિદ એક લુહારની દુકાને અટકે છે અને ચિમટો (ચીપીયો) ખરીદે છે અને પછી તે બધા બાળકોના રમકડાંની નિંદા કરે છે કે તે તૂટી જાય કે રંગ નિકળી જાય તેવા છે અને બધા મિત્રોની સામે ચીપીયાની પ્રશંસા કરી એ એહસાસ કરાવે છે કે તેણે ખરીદેલું રમકડું સર્વશ્રેષ્ઠ છે જે ખરેખર એણે પોતાની વૃધ્ધ દાદી અમીના માટે ખરીદ્યું છે કારણ કે જ્યારે તે ચૂલા પર રોટી બનાવે છે ત્યારે દાઝી જાય છે. અનેક અભાવમાં પણ તેનો દાદી અમીના માટેનો પ્રેમ ભાવ તેને પોતાને ઉદ્દાત અને મહાન બનાવે છે. હામિદ વિચારે છે કે દાદી આ ચીપીયો જોઈ ખૂબ ખુશ થશે. ઘરે જઈ જ્યારે એ દાદીને ચીપીયો આપે છે ત્યારે એ જોઈ અમીના ખૂબ ગુસ્સે અને નારાજ થાય છે એણે આ ચીપીયાની ખરીદી માટે ખોટાં ત્રણ પૈસા બગાડ્યા જે તેણે ખૂબ મહેનતથી ભેગા કરી ઈદ માટે હામિદને વાપરવા આપ્યા હતા. પરંતુ અંતે હામિદનો ત્યાગ, પ્રેમ, સદ્ભાવ અને વિવેક જોઈ તેનું મન ગદગદ થઈ જાય છે અને તે હામિદને અનેક દુઆઓ આપી ખુશીના આંસુઓ સાથે તેને ગળે વળગાડી ખૂબ વહાલ કરે છે.

તમને થશે આજે આ વાર્તા અહીં લખવાનું કે કહેવાનું કારણ શું ? મિત્રો ! ઈદ... ઈદની ઉજવણી. 'ઈદગાહ' વાર્તામાં ઈદની સાચી ઉજવણી એક ગરીબ દાદી અને ગરીબ હામિદની ત્યાગ, બલિદાન, સંયમ, ખુશી, સાદગીની ઉદાત ભાવના સાથેની ઈદની ઉજવણી દર્શાવાઈ છે. આ વાર્તામાં જે કહેવાયું છે ને મિત્રો, એ જ ઈસ્લામ પણ કહે છે. આજે આપણે સાચા અર્થમાં ઈદની ઉજવણી કરીએ છીએ ખરા ? શું ખરી રીતે ઈદની ઉજવણી થાય છે ખરી ?

અલ્લાહની અનેક નેઅમતો હોવા છતાં આપણે રડતાં જ હોઈએ છીએ. આ નથી, પેલું નથી, આ લેવાનું બાકી છે, પેલું જોઈએ છે... કેટ કેટલું ખરીદ્યા પછી, મેળવ્યા પછી પણ નારાજગી અને અલ્લાહની નાશુક્રી આપણામાં ભરી ભરીને પડી છે. આજે ઈદની ઉજવણી એટલે ખર્ચા કરી મોંઘા કપડા ખરીદવા, તૈયાર થવું, થિએટરમાં આવેલા નવા ફિલ્મને જોવા જવું અને તેમાં હજારો અને લાખો રૂપિયા ઉજવણીના નામે થિયેટર, મોલ કે હોટલોમાં ખર્ચી નાખવા. રમઝાનના પવિત્ર માસમાં મળેલા આપણા રીયલ હીરો કે જેમણે આખો મહિનો તરાવીહ અને નમાઝો સમયની પાબંદી સાથે અદા કરાવી કે કુર્આન સંભળાવ્યું તેમને છોડીને ફિલ્મી હીરો પાછળ કરોડો અને લાખો રૂપિયા નકામા ખર્ચી નાખીએ છીએ. ખરેખર, જરૂર છે આ દીની હીરોને થોડા રૂપિયા એકત્ર કરી ઈદી આપી મદદ કરવાની. ઈદ એટલે ખરેખર તો આપણી આસપાસના ગરીબ–અનાથ કે જેમને ખરેખર જરૂરિયાત છે તેવા લોકોને નવા કપડાં, મીઠાઈ, અન્ય જરૂરી ચીજો વગેરેની ઈદી આપી સાચી ઈદની ઉજવણી કરવાની. નકામા ખર્ચને ઓછું કરી જરૂરિયાતમંદને ઈદની થોડી ખુશી આપવાની. આજના સમયની આ તાતી જરૂરિયાત છે તમને શું લાગે છે ?

ઈદનો આ દિવસ ફક્ત આપણા માટે જ નહીં પણ આપણા ઘર–પરિવાર માટે, આસપાસના લોકો માટે, સગા–સંબંધીઓ માટે, મિત્રો માટે આનંદનો તહેવાર બની રહે તે માટે આપણી ખુશીઓને ત્યાગીને પણ તેમના માટે આપણાથી બનતી ભેટ–સોગાદ એટલે કે ઈદી આપવાનો છે. જાત માટે નહીં અન્ય માટે ત્યાગ, બલિદાન અને પ્રેમ બતાવવાનો, તેમને નાની નાની ખુશીઓ આપવાનો તહેવાર છે.

અલ્લાહ પાસે ગુનાહોની માફીની ઈદી ! અલ્લાહની સાચી ઈબાદતની ઈદી ! ખુદાની રહેમતોની ઈદી ! અલ્લાહની નેઅમતોની ઈદી ! નમાઝોની પાબંદીની ઈદી ! નેક રાહ પર ચાલવાની ઈદી ! અલ્લાહના નેક બંદા બનવાની ઈદી ! તોબાની કબૂલિયતની ઈદી... મેળવવાનો આ તહેવાર ઈદ સાચી અને સારી રીતે ઉજવીએ. ચાલો, ઈદની સાચી ઉજવણી કરીએ અને કરાવીએ. ઈદ મુબારક. બોલ્યું–ચાલ્યું માફ.

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલ : અઝાન અને ઈકામતમાં શું ફરક છે ?**

*જવાબ : ઈકામત અઝાન જેવી જ છે પણ થોડીક બાબતોમાં ફર્ક છે એવી રીતે કે* **હય્યા અલલ ફલાહ** *પછી* **કદકા મતિસલ્લાહ** *બે વખત કહેવું. ઈકામતમાં અઝાનની જેમ બુલંદ (મોટો) અવાજ ન હોવો જોઈએ. પણ હાજર રહેલાઓ સુધી અવાજ પહોંચે, ઈકામતના શબ્દો જલ્દી જલ્દી કહેવા, કાન ઉપર હાથ રાખવા નહિં. ફજરની ઈકામતમાં* **અસ્સલાતો ખૈરૂમ મિનન્નૌમ** *કહેવું નહિં. ઈકામત ઊંચી જગ્યાએ મસ્જિદ બહાર ઊભીને કહેવી સુન્નત નથી.*

*(આલમગીરી : પેજ–૫૮, દુર્રે મુખતાર : ૧૮૨)*

**સવાલ : ઈકામતની શરૂઆતમાં જ ઈમામ અને મુકતદી ઊભા થાય કે નહિં ?**

*જવાબ : ફક્ત ઈકામત આપવાવાળો (તકબીર કહેનારો) ઊભો થઈને ઈકામત કહે (તકબીર પઢે) બાકી ઈમામ અને મુકતદીઓ બેસી રહે અને જ્યારે મુકબ્બીર (તકબીર પઢનાર)* **હય્યા અલલ ફલાહ** *ઉપર પહોંચે ત્યારે ઈમામ અને મુકતદીઓ ઉભા થાય. (આલમગીરી : પેજ–૫૯; શામી : પેજ–૩૭૨; દુર્રે મુખતાર : પેજ–૧૮૫)*

**સવાલ : સ્ત્રીઓને નમાઝની જમાઅત માટે અઝાન કે ઈકામત છે કે નહિં ?**

*જવાબ : સ્ત્રીઓને નમાઝની જમાઅત કરવી મકરૂહ છે અને અઝાન–ઈકામત મમનુઅ એટલે કે મકરૂહે તહેરીમી છે.*

*(આલમગીરી : પેજ–૫૫; દુર્રે મુખતાર : પેજ–૧૮૩)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.

## પ્રશ્નોત્તરી – ૧૧૯૩

પરખ

ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

**(૧)** હઝરત ઝુલકિફલ અલયહિસ્સલામ ક્યા નબીનાં ખલીફા હતા ?
**(૨)** ક્યા લોકોને જહન્નમનાં સૌથી નીચલા ખાનામાં અઝાબ આપવામાં આવશે ?
**(૩)** ક્યા સમાજ સુધારકને આધુનિક ભારતનાં જનક કહેવામાં આવે છે ?
**(૪)** દુનિયાનો બીજા નંબરનો સૌથી મોટો ટાપુ દેશ ક્યો છે ?
**(૫)** મહંમદ અને યામીનની ઉમરનો ગુણોત્તર 4:3 છે. તેમની ઉમરનો સરવાળો 28 વર્ષ છે. 16 વર્ષ પછી તેમની ઉમરનો ગુણોત્તર શો હશે ?

**પરખ–૧૧૯૧નાં જવાબ :**

(૧) હઝરત અબૂ મુસા અશ્‌હરી રદિયલ્લાહો અન્હોનો સુમધુર કંઠ હઝરત દાઉદ અલયહિસ્સલામ જેવો હતો.
(૨) **'લા ઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાનક ઈન્ની કુન્તુ મિનઝ્ ઝાલિમીન'** હઝરત યુનુસ અલયહિસ્સલામની દુઆ છે.
(૩) તમાકુમાં નિકોટિન હોય છે.
(૪) ધી ગ્રેટ ઓશન ટ્રેડ માર્ક ઉત્તર એટલાંટિક મહાસાગરમાંથી પસાર થાય છે.
(૫) આન્ધ્રપ્રદેશનાં ગઠન વખતે તેની રાજધાની કર્નુલ હતી.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**
આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).
ખલીફા રઝાક નૂરમામદ–મથલ.

**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ (તા. નખત્રાણા).

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**




ગનીભાઈ : ૯૮૨૫૫ ૯૯૪૮૫, ૯૬૬૪૭ ૧૬૫૫૮
હાજી ઉસ્માનગની હુસેન ખલીફા
(ગઢશીશાવાલા)
આધુનિક પધ્ધતિથી સ્પ્રે લગાડી પીડા રહિત સુન્નત (ખત્ના) બેસાડનાર
માત્ર એક પટ્ટી દ્વારા ખત્ના કરનાર
હાજી અબ્દુલકરીમ ઉસ્માનગની ખલીફા
૯૮૭૯૦ ૯૨૧૩૫
તાહા હેર આર્ટ
મસ્જિદે તયબાહની બાજુમાં, ગઢશીશા, તા. માંડવી-કચ્છ.

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

મોહર્રમ ઉમરાહ બુકીંગ ચાલુ છે
રવાનગી : ૧૦ મોહર્રમ બાદ ઈન્શાઅલ્લાહ
ડિલક્ષ પેકેજ રૂા. ૯૨,૫૦૦/- | સફર દિવસ : ૨૧
● કચ્છ થી કચ્છ સર્વિસ ● અમદાવાદ થી ડાયરેક્ટ ફલાઈટ
● ઝમઝમ, જમવાનું, ઝિયારત, લોન્ડ્રી વિગેરે બધી સર્વિસની ખાત્રી
● મક્કા-મદીનાની તમામ ઝિયારત ટૂર તરફથી સાથે બદર અને વાદીએ જીન્ન પણ ઝિયારત
જીલાની ટુર્સ માંડવી-કચ્છ. સૈયદ રિયાઝહુસૈન કાસમશા 9726200381, 9106241910
હજ્જ અને ઉમરાહ માટે ખાસ
અહેરામની ચાદર, અહેરામના ટુવાલ, અહેરામના બેલ્ટ, નમાઝી ચાદર, મેશર, નૂરાનીનું કાપડ, નિકાબ, હાજી રૂમાલ તેમજ દરેક આઈટમ વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો :
રીયાઝ કલેક્શન
રીટેલ તેમજ જથ્થાબંધ કાપડ તથા દુપટ્ટાના વેપારી
પંડિત દિનદયાળ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩, ભીડ બજાર, રાણા હોસ્પિટલ સામે, માંડવી-કચ્છ.
સૈયદ કાસમશાબાવા : 9825564462 - સૈયદ રિયાઝહુસેન : 9726200381

વેકેશન ઉમરાહ
પ્રિમીયમ 95500 સફર ૧૯ દિવસ
ડિલક્ષ 92500 સફર ૨૧ દિવસ
બજેટ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી : મુહર્રમ માસમાં ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફલાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
● ઉમરાહ અદાયગી ● ઝિયારત ● શોપીંગ દરેક જગ્યાએ સાથે ● લગેજ બેગ ● હેન્ડબેગ ● તસ્બીહ ● ઉમરાહ ગાઈડ ● ૫ લી. ઝમઝમ ● અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 165000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
દાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

સલીમ સમા : 9825557339, 9924482659
નિહાર ઓપ્ટિક્સ
કલર લેન્સ રૂા. ૧૦૦/-
સનગ્લાસ, બ્રાન્ડેડ ફ્રેમ, કોન્ટેક્ટ લેન્સ ક્લિનિક, કલર કોન્ટેક્ટ લેન્સ
ડોક્ટરે કાઢી આપેલ નંબર પ્રમાણે તદ્દન વ્યાજબી ભાવે ચશ્મા બનાવી આપશું. રૂા. ૭૫૦/- થી શરૂ
ગણાત્રા હોસ્પિટલ સામે, નોનુ સાયબર કાફે નીચે બેઝમેન્ટમાં, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

SINCE 1894 (117 Years of Trust)
મો. ૯૮૭૯૬ ૯૬૭૮૬ મીસકોલને માન્યતા નથી મો. ૯૭૨૭૨ ૧૧૬૯૨
હાજી મહેબુબભાઈ હાજી મોઈનભાઈ
સુન્નતખત્નાના વંશીય અનુભવી
ધોરાજીવારા


ખલીફા હાજી મહેબુબભાઈ ઈસ્માઈલભાઈ
ખલીફા હાજી મોઈનભાઈ હાજી મહેબુબભાઈ
ખલીફા ડો. ફૈઝ મોહંમદ હાજી મહેબુબભાઈ
સમગ્ર કચ્છ તેમજ સૌરાષ્ટ્રના મુસ્લિમ ભાઈઓને સહર્ષ ખુશી સાથે જણાવવાનું કે આપના ફુલ જેવા કુમળા બચ્ચાઓને જરા પણ તકલીફ અને પીડા ન થાય ને આપનો બાળક ફકત એક જ કલાકમાં ખુશ ખુશાલ નજરે પડે એવી આજની આધુનીક પદ્ધતીથી ખત્નાનો ભાગ ખોટું કરીને માત્ર એક જ પટ્ટી દ્વારા ખત્ના બેસાડીયે છીએ.
તેમજ આજના આધુનિક સમયમાં રીંગવાળી ખત્ના બેસાડવાની પ્રથા હોવાથી અમો રીંગવારી ખત્ના પણ બેસાડી આપશું.
અમારી આ આગવી પધ્ધતિથી બાળકને જરાપણ દુઃખાવો થતો નથી તેમજ બાળકને પકડી-જકડી તેમજ બાંધી રાખવાની જરૂર પડતી નથી. આ રીંગ પધ્ધતીથી ખત્ના કર્યા પછી બાળકને તરત ડાયપર ચડ્ડી પેન્ટ પહેરાવી દેવામાં આવે છે. તો આપના બાળકને રીંગવારી ખત્ના બેસાડવું હોય તો અમો આપના ઘરે આવીને રીંગ વારી ખત્ના કરી આપશું.
ખાસ નોંધ : ઉનાળાની સિજનમાં સમગ્ર કચ્છ વિસ્તારમાં અમો ૩૫ વર્ષોથી સેવા આપીએ છીએ તેમજ દર રવિવારે ભુજમાં અમારી અચુક હાજરી રહે છે.
ભુજમાં સંપર્ક : બાવાભાઈ ખલીફા, મેન્ટલ હોસ્પિટલ પાસે, કેમ્પ એરીયા, ભુજ-કચ્છ. ફોન : ૯૯૦૯૭ ૨૬૫૫૦.

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસિડેન્સી, રેલ્વે ક્રોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

Visit us at : Farooqsaptahik.com

અલ કૌસર ટુર્સ & ટ્રાવેલ્સ
મુહર્રમ ઉમરાહ બુકીંગ ચાલુ છે
: બજેટ કલાસ :
20 દિવસ રૂા. 95000 (એક રૂમમાં ૪ થી ૬ જણ)
ભુજ થી ભુજ સર્વિસ - અમદાવાદથી ડાયરેક્ટ ફલાઈટ
મક્કા હોટલ ૧૫૦૦ મીટર (બસ સેવા ઉપલબ્ધ)
મદીના હોટલ ૮૦૦ મીટર
(ટોપ ટેન, મસ્જિદ બિલાલ નજીક)
ઉમરાહ વિઝા (વિમા સાથે), એર ટિકિટ, હોટલમાં રહેણાક, જમવાનું, ઝોહરાના થી ઉમરાહ, લોન્ડ્રી ફ્રી, ઝમઝમ, ઉમરાહ કિટ, ટ્રાન્સપોર્ટેશન, ઝિયારત, ગાઈડ.
: સંપર્ક :
કૌસર દિવાન : 9106525178
૫૨૦, ટ્રેડ સેન્ટર, કલ્યાણ પેટ્રોલ પંપની બાજુમાં, સ્ટેશન રોડ, વલસાડ.
: કચ્છમાં સંપર્ક :
કુંભાર હાજી અલીમોહમ્મદ હાજી હુસૈન 9879641534
કુંભાર ઈમરાન રફીક : 9979421179
ઈબ્રાહીમ જનર, બિદડા : 6354317257
૨૯, યાસીન પાર્ક, સુરલભીટ્ટ રોડ, ભુજ-કચ્છ.


અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ
પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર
તથા હજ-ઉમરાહ હદીયા માટે
ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ
મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين
વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
9662933957


: નોંધ :
ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.
મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. - તંત્રી


મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ
જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે

આમદભા - ભુજ
હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨
હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે. ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.
ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.
સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.
મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧ -વિચારક : આમદભા
સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ૪૯૦૯૦
કાનૂની સલાહકાર : અશોક સી માંડલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ૬૬૬૦૬.
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044

# દાવતે ઈસ્લામી દ્વારા રાહદારીઓ માટે ઠંડુ પાણી




(ન્યૂઝ ડેસ્ક) ગરીબ નવાઝ રીલીફ ફાઉન્ડેશન દ્વારા ભુજ શહેરમાં પાણી વિતરણ અભિયાન અંતર્ગત સ્વયંસેવકો દ્વારા શહેરના વિવિધ સ્થળોએ પાણીના સ્ટેન્ડ ઉભા કરીને લોકો માટે સ્વચ્છ અને ઠંડુ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવાયું હતું.

# રાપર ITIમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

(જીલ્લા માહિતી કચેરી દ્વારા) રાપર ITIમાં ઈલેક્ટ્રીશિયન – 60, કોપા – 96, ફીટર – 40, વેલ્ડર – 20, સોલાર ટેક્નિશિયન – 40, હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર – 72, વાયરમેન – 60 મળી કુલ – 388 બેઠકો પર એડમિશન 2024માં પ્રવેશ મેળવવા માટે ઈચ્છુક ઉમેદવારો તા. 30-6-24 સુધી https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઈન ફોર્મ અથવા રાપર ITI સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરી શકે છે તેમ આચાર્ય, ITI, રાપરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મુંદરા તાલુકા મુસ્લિમ સમાજ દ્વારા

# તેજસ્વી તારલા સન્માનિત કરાયા

(કાસમ ખલીફા, મુંદરા દ્વારા) મુંદરા ખાતે ઉમરશા બાપુ ઈદગાહ વાડી મધ્યે, મુસ્લિમ સમાજના ધો. ૧૦, ૧૨, ગ્રેજ્યુએટ તેજસ્વી તારલાઓને સન્માન પત્ર, ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમની શરૂઆત મૌલાના ગુલામહુસૈન અકબરીએ તિલાવતે કુર્આનથી કરી હતી. સ્વાગત પ્રવચન નજીબ અબ્બાસીએ કર્યું હતું.

ખાસ પધારેલા માર્ગદર્શક પ્રોવોસ્ટ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના ડો. સુનિલ જોશી, ડો. રઘુવેન્દ્ર વ્યાસ, પ્રો. ઈરફાન પોલાદી, અખ્તરખાન બલોચ, ગુલાબખાન જુણેજાએ દરેક વિષયમાં કેવી રીતે તૈયારી કરવી અને ક્યા વિષયમાં શું તકેદારી રાખવી તેનો માર્ગદર્શન પૂરો પાડ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ એજ્યુકેશન સાર્વજનિક ટ્રસ્ટ મુંદરાના ફાઉન્ડર હાજી સુલતાન તુર્ક તથા મુંદરા તાલુકા મુસ્લિમ સમાજના પ્રમુખ હાજી સલીમ જતની અધ્યક્ષતામાં યોજાયો હતો.

આ કાર્યક્રમ માટે હનીફ મેમણ, હાજી દાઉદ બોલિયા, કેશવલાલ માલી, ડાયાલાલ આહિર, ગૌરવ સહાય, રમેશસિંહ રાજપુત, મનોજ ત્રિવેદી, નિલ દડુક, રાજુભા રાઠોડ, યશ ગ્રીનના રફીક તુર્ક, ઓસમાણ આગરીયા, હાજી ઈમરાન જત, સુલતાન મલિક, અબ્દુલસત્તાર મીઠાણી, મહંમદ અજમલ અન્સારી, શકુર સુમરા, અશરફ તુર્ક, હાજી મકસુદ ખત્રી, ધ્રબના સરપંચ અસલમ તુર્ક, આબિદ હુશૈન ચૌહાણ, ઝકરિયા સાટી, ગની માંજોઠી, રશીદ ચૌધરી, ગુલામ સુમરા, હાજી અબ્દુલ રહીમ તુર્ક, એડવોકેટ મોહમ્મદ ખોજા, મોહમ્મદ બોલિયા, મહંમદ સરદાર સિંધુ, મહંમદ અરસલાન તુર્ક, મુર્તજા વ્હોરા, આદમ કુંભાર, જાનીફ સુમરા, કાસમ આગરીયા, હુઝૈફા અંતરિયા, હુસૈન બુખારી, મજીદ આગરીયા, હાજી અબ્દ્રેમાન તુર્ક, કલ્બેહુસૈન ખોજા, જુમા જુણેજા, અનવર આગરિયા, મહંમદ રોહા, અઝીઝ સાંધ, અનવર સુમરા, રમઝાન લુહાર, કાસમ ચાકી, જીશાન ખોજા, અર્શદ તુર્ક વગેરે દાતાઓનો સહયોગ મળ્યો હતો. ફરહીન હનીફ મેમણ અને અફરોઝબાનુ ઈશાક તુર્કએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

હાજી હુસૈન તલાટી, હાજી નૂરમહંમદ મંધરા, ડો. સુહાનાબેન ઘાંચી, અશફાક મૌલાના, શબ્બીરહુસૈન મૌલાના, નિઝામ તુર્ક, મહેબૂબશા સૈયદ, સદામ મીઠાણી, બિલાલ ખત્રી, મહંમદહુસૈન લાલોર, હાજી અબ્દુલ્લાહ ચાકી, હાજી રમઝાન ચાકી, પપ્પુ બાપુ બુખારી, અમન યાર્ડવાળા, અબ્દુલકાદર તુર્ક, વિનોદ મહેતા, વાલજી ફફલ, એડવોકેટ કાનજી સોંધરા, હરેશ મોથારીયા, કચ્છની પુકારના તંત્રી અલીમહંમદ સમા, કચ્છ ઉજાગર ન્યૂઝના ઝહીર સમેજા તથા મુંદરા તાલુકાના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શબનમ ખોજા અને આભારવિધિ સિરાજ મલેકે કરી હતી.

# બહેનો માટે તકરીર

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૪–૬, સોમવાર, બપોરે ૩:૩૦ કલાકે બહેનો માટે તકરીર રાખવામાં આવેલ છે, જેમાં સૈયદ જમીલામા સુખપરવાળા તકરીર ફરમાવશે. સ્થળ : રમજુભાઈ નરેડીવાલા, હિના પાર્ક–૨, સુરલભીટ્ટ રોડ, ભુજ.

# મુસ્લિમ હાઈસ્કૂલ : બોર્ડના વિદ્યાર્થીઓ જોગ

(ન્યૂઝ ડેસ્ક) ધી મુસ્લિમ એજ્યુકેશન ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી જુલાઈ ૨૦૨૪ ધો. ૧૦, ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ) અને ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા માટેનું ફોર્મ ભરેલ રીપીટર વિદ્યાર્થીઓએ તા. ૨૨–૬, શનિવાર સુધી શાળામાંથી પ્રવેશ પત્ર (Hall Ticket) મેળવી લેવી. સમય સવારે ૯ થી ૧૨. પોતાની સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટો લાવવો.

## ઈત્તિહાદુલ મુસ્લેમીન દ્વારા

# વકફ નોંધણી માટે હેલ્પ લાઈન શરૂ

(ન્યૂઝ ડેસ્ક) ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજયના તમામ જીલ્લાના તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં મુસ્લિમ સમાજની ધાર્મિક તેમજ સામાજિક મિલકતો જે ગુજરાત સરકારની વ્યવસ્થા મુજબના ગુજરાત રાજય વકફ બોર્ડમાં નોંધણી વ્યવસ્થા ઊભી કરાયેલ છે. જે મિલકતોની નોંધણી ન થઈ હોય તેવી મિલકતોની નોંધણી માટે તેમજ નોંધાયેલ મિલકતોમાં સુધારા–વધારા માટે ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ દ્વારા વકફ નોંધણી પ્રક્રિયામાં સહયોગ કરવાનું નક્કી કરાયેલ છે. જેથી જેમને વકફ બોર્ડમાં નવી નોંધણી, જૂની નોંધણીમાં મિલકતનો ઉમેરો, વકફ મિલકતોના ટ્રસ્ટીઓમાં સુધારા અથવા ફેરફાર કરવાના હોય તેઓ સંસ્થાનો સંપર્ક કરવા કહેવાયું છે.

**ગુજરાત રાજય માટે હેલ્પ લાઈન નંબર :** હાજી મોહંમદભાઈ આગરીયા (99090 99786, 9727299786), હાજી નૂરમોહંમદભાઈ રાયમા (97258 79672), ઈદ્રીશભાઈ ગેણા (94260 60786, 97222 10999); **કચ્છ જીલ્લા માટે હેલ્પ લાઈન નંબર :** સૈયદ હબીબશા બાવા (99138 40696), એડવોકેટ અબ્દુલ રઝાકભાઈ બાયડ (96877 52010).

**સંસ્થાનું સરનામું :** ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ 'આગરીયા પ્રોપર્ટીઝ' બગીચાની સામે, દેવળિયા નાકા, અંજાર (કચ્છ).

# અંજાર ખાતે મુફતીએ આઝમ કચ્છ ઈન્સ્ટિટયૂટ નું ઉદ્‌ઘાટન



(ન્યૂઝ ડેસ્ક) મુફતીએ કચ્છ રહમતુલ્લાહ અલયહે દ્વારા સ્થાપિત કારવાઁ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ અંજાર તરફથી મદીના નગર–૨ અંજાર ખાતે તા. 9-6 ના મુફતીએ આઝમ કચ્છ ઈન્સ્ટિટયૂટ (અંજાર તાલુકાના પહેલા દારૂલ ઉલૂમ)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું જેમાં કચ્છભરમાંથી સાદાત અને ઉલ્માએ કિરામ સાથે સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સદરે જલ્સા પીર સૈયદ અહમદશા અલહુસૈની અને મુકર્રીરે ખાસ તરીકે મૌલાના સિદ્દીક અઝહરી, મૌલાના હાજી અલીમોહંમદ કોડાયવાલા, કાસમશા બાવા સિનુગ્રાવાળા, મૌલાના સિદ્દીક સિદ્દીકી – તુણા વગેરેએ શાનદાર તકરીરો કરી દીની દુન્યવી તાલીમની જરૂરત સમજાવવા સાથે દીકરીઓની તાલીમ પર ભાર મૂક્યો હતો.

સ્વાગત પ્રવચન અને સંસ્થા પરિચય સૈયદ અહમદશા ખેડોઈવાલાએ આપ્યું હતું. મહેમાને ખાસ તરીકે સૈયદ અલીઅકબરશા બાપુ (પ્રમુખ – સૈયદ સાદાત સમાજ કચ્છ) – ચીરઈ, રફીકશા બાપુ – ખારી રોહર, કાસમશા બાપુ (પીર પડલશાવાળા) – ખારોઈ, અબ્દુલ્લાહશા અહમદશા – લુણી, ઈમ્તિયાઝશા હાજી અનવરશા – માંડવી, હનીફશા હાજી જહાંગીરશા – ભુજ, જલાલશા બાવા – વીડી, સૈયદ અશરફશા નજમુલહસન – ભુજ, જમીલશા – ભુજ, અલીશા કાદરી – લુડવા, હનીફશા – બિદડા, કારી કરીમશા – સાડાઉ, હાજીબાવા – તુણા, મહેબૂબશા – સામખિયારી, હૈદરશા – નવાગામ અને મૌલાના હાજી મુસા – અંજાર, મૌલાના યુસુફ – જખૌ, મૌલાના ઈબ્રાહીમ, મૌલાના નઈમ, મૌલાના નૂરમોહંમદ, મૌલાના મુબારક, મૌલાના અલીમોહંમદ – વીડી અને સુન્ની કચ્છ ઉલ્મા ફાઉન્ડેશનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

પીર સૈયદ અનવરશા (અનુબાપુ)ની દેખરેખ હેઠળ સૈયદ શેરઅલીશા બાવાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. મહેમાનોનું સ્વાગત લોહાર અ.કરીમ (સંસ્થા પ્રમુખ), સૈયદ નૂરશા, મૌલાના ઉમર, હાજી કાસમ આરબ, શેખ મામદશા, શેખ લતીફશાએ કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા સૈયદ હયાતશા, મુસ્તાક બુખારી, હફીઝ લોહાર (ખજાનચી), શેખ સાહેબ (શિક્ષક), યાકુબ કુંભાર, લોહાર મુસ્તાક હાજી ઉમર, હફીઝ, ઈકબાલ રાયમા (નાના), સાજીદ, હમીદ, મોહમ્મદ, ઈબ્રાહીમ પેઈન્ટર, ઈબ્રાહીમ રાયમા વગેરે યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# બન્નીમાં વનવિભાગના ગોદામોમાં પડેલ ઘાસ માલધારીઓને રાહત દરે આપવા રજૂઆત

(ન્યૂઝ ડેસ્ક) યુવા મુસ્લિમ અગ્રણી યાકુબભાઈ મુતવા (ઢોરો)એ કચ્છ કલેકટરશ્રીને પત્ર લખી રજૂઆત કરી છે કે, ભુજ તાલુકાના બન્ની વિસ્તારમાં વનવિભાગ 2018 થી મુખ્યમંત્રી પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ઊંડી ખાઈઓ ખોદીને હજારો હેકટરમાં પ્લોટ બનાવ્યા જેમાં અનેક પશુઓ મોતને ભેટયા પણ સરકારશ્રીએ કોઈ ધાં સાંભળી નહીં પ્રોજેક્ટ સમય સરકાર સાથે એવો M.O.U. થયેલ હતો કે 20% ઘાસ સ્થાનિક લોકોને આપવામાં આવશે. M.O.U. નો અમલ ફક્ત કાગળ પર થયો અને લોકોને ઘાસ આપેલ નહિં તેમજ દરેક પ્લોટ ત્રણ વર્ષ સુધી રાખી જમીન સુધારણા કરી પછી ખુલ્લો કરવાનું હતું જેમાં પણ ઘણાં બધા ઘાસિયા જમીન વાળા પ્લોટ છે જે હજી પણ કબ્જો કરીને બેઠા છે અને ઘાસના ગોદામો પાંચ વર્ષથી સંગ્રહ કરીને બેઠા છે. બન્નીનું ઘાસ જે કુદરતી સંપદા છે જે ત્રણ વર્ષ પછી માટી અને અખાદ્ય થઈ જાય છે. ગત વર્ષે પણ અમુક ગોદામોમાં જે ઘાસ અખાદ્ય થઈ ગયેલ હતો તે પાંજળાપોળોને ઓછા ભાવે આપી દેવાયો હતો.

જ્યારે હાલ બન્ની વિસ્તારમાં ઘાસની તીવ્ર અછત છે ત્યારે માલધારીઓએ ઘાસ માટે માંગણી કરેલ ત્યારે ચાલુ વર્ષનું જૂનો ઘાસ માલધારીઓને રૂા. 9.50 જેવા મોંઘા ભાવે આપવાનું જણાવેલ છે. જે વર્ષ દરમ્યાન ખોટને પૂર્ણ કરી થયેલ ભ્રષ્ટાચારને છૂપાવવા માટે ના પ્રયાસ થઈ રહ્યા છે માટે વન વિભાગના અધિકારીઓ સાથે વિચાર–વિમર્શ કરી બન્નીના માલધારીઓને રાહત ભાવે ઘાસ આપવામાં આવે એવી રજૂઆત કરાઈ છે.

## જૂડો સ્પર્ધામાં

# માતૃછાયાની સિદ્ધિ



(ન્યૂઝ ડેસ્ક) જૂનના પ્રથમ સપ્તાહમાં મહેસાણા જીલ્લાના પાંચોટ ખાતે રાજયકક્ષાની ખેલમહાકુંભ જૂડો સ્પર્ધા રમાયેલ જેમાં અન્ડર–17 વિભાગમાં 70 kg થી ઉપરના વજન ગ્રુપમાં માતૃછાયા કન્યા વિદ્યાલય ભુજની જોશી હિયા મેહુલભાઈએ સમગ્ર રાજયમાં ત્રીજો નંબર મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષક મનીષ પટેલ અને નિરાલીબેન વાઢેર એ તાલીમ આપેલી હતી.

# અદાણી ડિફેન્સે EDGE જૂથ સાથે સંરક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્વ કરાર કર્યા




(ન્યૂઝ ડેસ્ક) EDGE ગ્રુપે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે વિશ્વની અગ્રની અદ્યતન ટેક્નોલોજી અને સંરક્ષણ જૂથોમાંની એક UAE સ્થિત EDGE ગ્રુપ સાથે મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કરારનો ઉદ્દેશ્ય બંને કંપનીઓની સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષમતાઓનો લાભ ઉઠાવતા વૈશ્વિક પ્લેટફોર્મની સ્થાપના કરવાનો છે. તેઓ તેમના સંબંધિત ઉત્પાદન પોર્ટફોલિયોને એકસાથે લાવી વૈશ્વિક અને સ્થાનિક ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરવા સક્ષમ બનશે. જેમાં એરબોર્ન, સરફેસ, પાયદળ, દારૂગોળો અને હવાઈ સંરક્ષણ ઉત્પાદનો, માનવરહિત એરિયલ સિસ્ટમ્સ (UAS), લોટરિંગ મ્યુનિશન, કાઉન્ટર ડ્રોન સિસ્ટમ્સ, માનવરહિત જમીનને આવતી લેતી મિસાઈલ અને હથિયારો સહિત વાહનો (UGV), તેમજ ઈલેક્ટ્રોનિક વોરફેર (EW) અને સાયબર ટેક્નોલોજીમાં EDGE અને અદાણીના મુખ્ય ઉત્પાદન ડોમેન્સમાં સહકારનું મૂલ્યાંકન શામેલ છે.

આ કરાર ભારત અને UAEમાં R&D સુવિધાઓની સ્થાપનાનું અન્વેષણ કરશે; સંરક્ષણ અને એરોસ્પેસ સોલ્યુશન્સના વિકાસ, ઉત્પાદન અને જાળવણી સુવિધાઓની સ્થાપના માત્ર બે કેપ્ટિવ બજારોને જ નહીં, પરંતુ દક્ષિણપૂર્વ એશિયાઈ અને વ્યાપક વૈશ્વિક બજારોને પણ સેવા આપશે.

UAE ની રાજધાની અબૂધાબીમાં મુખ્ય મથક ધરાવતું EDGE 35 થી વધુ એકમોને પાંચ મુખ્ય ક્લસ્ટરોમાં એકીકૃત કરે છે. જેમાં પ્લેટફોર્મ્સ અને સિસ્ટમ્સ, મિસાઈલ્સ અને હથિયારો, સ્પેસ અને સાયબર ટેક્નોલોજી, ટ્રેડિંગ અને મિશન સપોર્ટ તેમજ હોમલેન્ડ સિક્યુરિટીનો સમાવેશ થાય છે.













Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com